सत्यमेव जयते

રજુ તારીખ : ૧૧/૦૯/૨૦૧૫

દાખલ તારીખ : ૧૧/૦૯/૨૦૧૫.

જજમેન્ટ તારીખ : ૦૫/ ૦૪ /૨૦૧૮.

1874

અવધિ : વર્ષ : માસ : દિવસ.

**મહે.એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટ નં.૧૯,મુ. અમદાવાદ.**

<u>ફોજદારી પરચુરણ અરજી નં.૨૧૩/૨૦૧૫.</u>
આંકઃ—

**<u>અરજદાર</u>** :— શમીમબાનુ ઉસ્માનગની શેખ
ઉ.વ.૨૫ , ૧૨૦૨ સમશેરબાગ ખ્વાજા કોમ્પલેક્ષ પાછળ,
ગોમતીપુર,અમદાવાદ.

<u>**વિરૂધ્ધ**</u>

**<u>સામાવાળા</u>** :— (૧)ઉસ્માગની ઈશાકભાઈ શેખ(પતિ)
(૨) નુરનબીબી ઇશાકભાઈ શેખ (સાસુ)
(૩)યુસુફભાઈ ઈશાકભાઈ શેખ(જેઠ)
(૪)શબનમ યુસુફભાઈ શેખ(જેઠાણી)
(૫)રુખસાના જુલ્ફીકાર અલી અન્સારી(નણંદ)
(૬)જરીના જુલ્ફીકાર અન્સારી (નણંદ)
(૭)હમીદા ઇમ્તીયાઝમિંયા શેખ(માસી સાસુ)

રહેવાસી સામા નં ૧ થી ૪ હુશેનબાગ ગલી નં ૨,
સૈયદ વાડી,વટવા અમદાવાદ.
સામા નં ૫ અને ૭ હાજીસાહેબની ગલી,સૈયદવાડી,
ડીસોડી વટવા
સામા નં ૬ ચોકીદાર બાબાની દરગાહ,
ચંડોળા તળાવ પાસે,શાહ આલમ,અમદાવાદ.

બાબત: ધી ડોમેસ્ટિક વાયોલન્સ એકટની કલમ:૧૮,૧૯,૨૦,૨૧ તથા ૨૨, મુજબ.

---

અરજદાર તરફે વિ વકીલશ્રી શાહીની ગજજર.
સામાવાળાઓ તરફે વિ વકીલશ્રી જી જી શેખ.

---

**-:ચુકાદો:-**

(૧)અરજદાર ધ્વારા અત્રેની કોર્ટમા સામાવાળાઓ વિરુધ્ધ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ-૨૦૦૫, કલમ-૧૨ હેઠળ હાલની અરજી પ્રોટેકશન ઓફિસર મારફતે દાખલ કરવામા આવેલ છે તેમાંનીચે મુજબના હુકમોની માંગણી કરેલી છે.

(૧) ડોમેસ્ટિક વાયોલેન્સ એકટ-૨૦૦૫ ની કલમ-૧૮ હેઠળ રક્ષણ (સુરક્ષા)નો હુકમ.
(૨) ડોમેસ્ટિક વાયોલેન્સ એકટ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ રહેઠાણનો હુકમ
(૩) ડોમેસ્ટિક વાયોલેન્સ એકટ-૨૦૦૫ ની કલમ-૨૦ હેઠળ ભરણ-પોષણનો હુકમ.
(૪) ડોમેસ્ટિક વાયોલેન્સ એકટ-૨૦૦૫ ની કલમ-૨૧ બાળકોની કાયમી કસ્ટડી મેળવવા.
(૫) ડોમેસ્ટિક વાયોલેન્સ એકટ-૨૦૦૫ ની કલમ-૨૨ હેઠળ વળતરનો હુકમ મેળવવા અરજ કરી છે.

(૨)અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી રહેલ છે કે, તેણીના લગ્ન સામાવાળા નં.૧, સાથે તારીખ: ૦૫/૦૪/૧૯૯૯ ના રોજ મુસ્લિમ શરીયત અને જ્ઞાતિના રીતરિવાજ મુજબ થયેલ.અરજદાર લગ્ન સમયે સમુહ લગ્નમાં મળેલ,માતા,સગાસંબંધી મિત્રોએ આપેલ સોનાચાંદીના દાગીના ભેટ સોગાધો ઘરનું રાચરચીલુ વિગેરે કરીયાવરનો સરસસામાન લઈ પોતાના પતિ સાથે સાસરે ગયેલ.જેમાં બધા સંયુકત કુટુંબમાં રહેતા હતા.અરજદાર ના બંન્ને નણંદો સાસરીમાં ઘરની નજીક રહેતા હોય,માસી સાસુ એ વચ્ચે રહી અરજદારના લગ્ન સામાવાળા નં ૧સાથે કરાવેલ જેઓ પણ અરજદારના સાસરીના ઘરની નજીક રહેતા હોય વારંવાર સાસરીમાં આવતા જતા હતા અને ઘણી વખત રોકાતા પણ હતા.લગ્ન બાદ અરજદાર ને સાસરીમાં સારી રીતે રાખેલ ત્યારબાદ સામાવાળાઓ એ ત્રાસ આપવાનુ શરુ કરી દીધેલ.રસોઈ તેમજ દહેજ બાબતે અન

અન્ય ખુબ જ નાની નાની બાબતોમાં પતિ,સાસુ જેઠ જેઠાણી બંન્ને નણંદો એ મહેણાટોણા મારવાનુ શરુ કરેલ અને બિભત્સ ગાળો બોલી પતિએ મારવાનુ શરુ કરેલ. પતિએ રોજરોજ દારુ પીને આવવાનુ શરુ કરેલ અને વારંવાર કહેતા કે તું અમોને ગમતી નથી.સામાવાળા નં ૧ ની માતાએ અને બહેનોએ લગ્ન કરવાની ના પાડતા હતા ,તું અહીથી ચાલી જા નહીતર હુ કાંઈક કરી બેસીશ તેમ કહી અરજદાર ને શારીરીક માનસીક ત્રાસ આપતા હતા અરજદાર લગ્નના એકાદ માસ બાદ જ ગર્ભવતી બનેલ તેથી આશા બંધાયેલ કે હવે સહુ સારાવાના થઈ જશે અને આવનાર બાળકના કારણે સાસરીવાળા તમામ સારી રીતે રાખશે પરંતુ ગર્ભાવસ્થા દરમ્યાન અરજદારની ઉમર નાની હોય અને અશકિત હોય ડોકટરે આરામ કરવાની સલાહ આપેલ છતાં સાસરીવાળા બધા ભેગા મળી અરજદાર પાસે ઘરનું તમામ કામકાજ કરાવતા અને ઘરકામમાં કોઈ મદદ કરાવતા નહી તેમજ બિલ્કુલ આરામ કરવા દેતા નહી ઘરના તમામ સભ્યોને વાપરવા માટેનુ સંડાસ બાથરુમ પણ એક જ હોવા છતાં સાસુ જેઠ જેઠાણી સંડાસ બાથરુમ વાપરવા દેતા નહી અને સંડાસને તાળુ મારી રાખતા જેથી નાછુટકે અરજદારને અન્ય આડોશી પાડોશી પાસે સંડાસ બાથરુમનો ઉપયોગ કરવા દેવા ભીખ માંગવી પડતી.આમ,ડીલીવરીના સમયે પણ સાસુ,જેઠ જેઠાણી પતિ બે નણંદો અરજદાર ને અંત્યંત શારીરીક માનસિક ત્રાસ આપતા.તારીખ ૦૪/૦૧/૨૦૧૦ ના રોજ અરજદારની ડીલેવરી,માતાએ વી એસ હોસ્પિટલ માં રહી કરેલી.તારીખ ૦૪/૦૧/૨૦૧૦ ના રોજ એક પુત્રી અસ્માબાનુનો જન્મ આપેલ જેનો તમામ ખર્ચ અરજદારની માતાએ ભોગવેલ.પ્રથમ ખોળે દીકરી અવતરતા પતિ,સાસુ,જેઠ,જેઠાણી સાસરીમાં તેડીના જતા અરજદારની માતા અરજદારને સાસરે મુકવા આવેલ પરતુ ત્યારબાદ સાસરીવાળાઓનો ત્રાસ ખુબ જ વધી ગયેલ અને વારંવાર દીકરી બાબતે મહેણાટોણા મારતાં,ખુબ માર મારતાં અને ખાવાનું પણ આપતા નહી.કરીયાણું,દુધ જેવી પ્રાથમિક જરુરીયાત પણ પુરા કરતા નહોતા જેથી મારી ગરીબ માતા અરજદાર ને મદદ કરતાં.સારીમાં અરજદાર ને અને બાળકીને તકલીફ ન પડે તે હેતુથી અરજદાર ને તેલ,કેરોસીન તેમજ કરીયાણુ ખરીદી આપતા અને દુધ તેમજ બાળકીના દવાદારુ તેમજ રસીકરણ માટેના પૈસા પુરા પાડતા.અરજદાર વિધવા માતા,એક માનસિક અસ્થિર ભાઈ અને એક પરણવાલાયક ભાઈની પરીસ્થિતિને ધ્યાને લઈ તમામ ત્રાસ મુંગા મોઢે સહન કરતી હતી.સને ૨૦૧૧ ની સાલમાં અરજદાર ફરીથી ગર્ભવતી બનેલ અને આશા બંધાયેલ કે હવે દીકરો આવશે જેથી પતિના સ્વભાવમાં પરીવર્તન આવશે,સાસરીવાળા સારી

રીતે રાખશે અને લગ્નજીવન સુખી થઈ જશે પરંતુ બીજી ડીલીવરી પણ અરજદારની માતાએ વી એસ હોસ્પિટલમાં તારીખ ૦૫/૦૬/૨૦૧૨ ના બીજી પુત્રી ઉમેદાની નો જન્મ થયેલ જેનો તમામ ખર્ચી પણ અરજદરાની માતાએ ઉઠાવેલ અને અગાઉની જેમ જ દીકરી અવતરતા સાસરીવાળા સાસરે તેડીના જતા અરજદારની માતાએ બંન્ને બાળકીઓ સાથે સાસરે મુકી ગયેલ જેથી સાસરીવાળા અરજદાર ને મહેણાટોણા મારતા અને કહેલ કે આ વખતે પણ તે તો પથરો જણયો આ બે બે બાળકીઓના ખર્ચ કોણ પુરા પાડશે કોણ તમને ખવડાવશે તેમ કહી પતિ,સાસુ, જેઠ જેઠાણી ખાવાનું આપતા નહી બાળકી માટે દુધ અને દવાના પૈસા માંગતા પતિ કહેતા કે આ કાંઈ ધર્મશાળા નથી.ખાવાપીવાની અને દુધ પીવાની ઈચ્છા થતી હોય તો ચપણિયુ લઈ ભીખ માગવા જા.આ બાળકીઓ તે જણી છે તે મારુ સંતાન નથી તેમને અનાથઆશ્રમમાં મુકી આવ નહીતર તારી બાળકીઓને લઈ તારી માના ઘરે જતી રહે તેવુ કહી અરજદાર ને શારીરીક માનસીક ત્રાસ પહોચાડતા જેથી અગાઉની જેમ જ અરજદારની માતાએ ઘરમાં ખાવાપીવાનું તેમજ બાળકીઓના દવાદારુ વગેરેનો ખર્ચો ઉપાડેલો.પરંતુ અરજદારની માતાની ગરીબ પરિસ્થિતિને ધ્યાને લઈ બધો જ ત્રાસ મુગે મોઢે સહન કરતી હતી.અરજદારના પતિ ઘણી વખત આખી આખી રાત ઘરમાં આવતા નહી અને બાબતે અરજદાર કારણ પુછતી તો અરજદારના પતિ અરજદારને ખુબ મારતાં અને કહતા કે તારે મારા જીવનમાં દખલગીરી કરવી નહી,તું તારુ કામ કર જેથી અરજદાર પોતાના સાસુ,જેઠ,જેઠાણીને આ બાબતે ફરીયાદ કરતી તો તેઓ અરજદારને તેમ કહી ચુપ કરાવી દેતા કે તારે રહેવુ હોય તો શાંતીથી રહે.અમારા અંગત જીવનમાં અરજદારે માથુ મારવાનું નહી.તારે રસોડાનું અને ઘરનું અન્ય કામકાજ સંભાળવવાનું વધારે બોલવાનું નહી,ઉસ્માન તારો પતિ છે,વધારે બોલીશ તો એ તને તલ્લાક આપી દેશે ત્યારબાદ અરજદારની બીજા નંબરની બાળકી બે મહીનાની હતી તે દરમ્યાન અરજદારના પતિએ અરજદારનું માથુ દીવાલ સાથે અફળાવી ગળુ દબાવી મારી નાખવાની કોશીશ કરતાં અરજદાર જીવ બચાવી ભાગીને કારંજ મહીલા પોલીસ સ્ટેશનમાં ગયેલ અને ફરીયાદ કરેલ. જેથી પોલીસ વાળાએ અરજદારના પતિ અને જેઠને પોલીસ સ્ટેશન બોલાવતા હવે પછી આવુ નહી થાય ,તને સારી રીતે રાખીશું અને હાથ નહી ઉપાડીએ તેમ કહી માફી માંગતાં પોલીસ સ્ટેશનથી જ સમાધાન કરીને અરજદાર પોતાના સાસરે પાછી ગયેલ અને હવે બધુ સારુ થઈ જશે તેમ વિચારીને પતિ અને સાસરીવાળાઓ વિરુધ્ધનો પોલીસ કેસ દફતરે કરાવી દીધેલ.થોડા સમય સુધી સારુ ચાલ્યા બાદ

ફરી ધીમે ધીમે પતિ અને સાસરીવાળાઓનો ત્રાસ શરુ થઈ ગયેલ અને અગાઉની જેમ જ પતિ આખી આખી રાત ઘરની બહાર રહેવા લાગેલ પરંતુ ગરીબ અને અપંગ ભાઈનો વિચાર આવતાની સાથે ઝઘડો કંકાસ ના થાય તે સારુ તમામ ત્રાસ મુગે મોઢે સહન કરતી અને અગાઉની જેમ અરજદારની માતા આપે તે પૈસા અને કરીયાણાથી ઘર જેમ તેમ ચલાવતી અને બાળકીઓના દવા દારુનો ખર્ચો ઉપાડતા.થોડા સમય બાદ અરજદારને ત્રીજી વાર ગર્ભ રહેતા અરજદારના સાસરીવાળાએ અરજદારને ધમકી આપેલ કે જો હવે પુત્રી અવતરશે તો તારી માને કહી દે જે કે તને પાછી અહી મુકવા ન આવે અને અમે ઉસ્માનના તલ્લાક અરજદાર સાથે કરાવીને તેને બીજે પરણાવી દઈશુ.ઉસ્માન સાથે પરણવા લાયક છોકરી શોધી લીધી છે. હવે અમારે તારી કોઈ જ જરુર નથી આમ,ડીલીવરીનો સમય થતાં સુધીમાં તમામ સાસરીવાળાઓ એ અરજદાર ને ખુબ જ શારીરીક માનસીક ત્રાસ આપેલો પરંતુ ભય અને બીકના કારણે ત્રાસ સહન કરતી રહેલ.તારીખ ૦૫/૦૮/૨૦૧૪ ના રોજ અરજદારની માતાએ જ વી એસ હોસ્પિટલમાં રહી અરજદારની ડીલીવરી કરાવેલ અને દીકરો નુમેર નો જન્મ થયેલ જેથી અરજદાર ખુબ જ ખુશ થઈ ગયેલ કે હવે પછી બધુ જ સારુ થઈ જશે અને સાસરીવાળા અરજદારને સારી રીતે બોલાવશે અને સારી રીતે રાખશે જેથી અરજદાર બંન્ને પુત્રિઓ અને નવા અવતરેલા પુત્રને લઈ ફરીય સાસરે ગયેલ.શરુઆતમાં થોડા દીવસ સારુ રહયા બાદ પતિએ ફરીય આખી આખી રાત ઘરે આવવાનુ બંધ કરી દીધેલ પરંતુ ઝઘડો કંકાસ ન થાય તે સારુ બધુ સહન કરતી મોટી દીકરી અસ્માની ઉમર થતાં તેની શાળાએ દાખલો અપાવવાનું કહેતા પતિ અને સાસુએ શાળામાં એડમીશન લેવાની ચોખ્ખી ના પાડી દીધેલ અને કહેલ કે આ તો છોકરી છે આને ભણાવવાની કયાં જરુર છે તેમ કહી અરજદારની દીકરીને શાળાએ પણ બેસાડેલા નહી ત્યારબાદ એક દીવસ પતિના મોબાઈલ નંબર ૯૭૨૭૮ ૬૧૪૫૧ નંબર પર એક યુવતી કે જેનુ નામ શેરબાનુ છે તેનો ફોન આવેલ જે અરજદારે ઉપાડતા તેણે કહેલ કે તુ ઉસ્માનને તલ્લાક આપી દે મારે તેની સાથે પરણવુ છે જે સાંભળીને અરજદારના પગ નીચેથી જમીન સરકી ગયેલ અને અરજદારને ખુબ આંચકો લાગેલ જેથી તે વિશે પતિને પુછતાં પતિએ માર મારીને તેમની જીદગીમાં દખલગીરી ન કરવા જણાવેલ જેથી અરજદારે સાસુ,જેઠાણી બે નણંદો અને સાસુને વાત કરતાં તેઓએ જણાવેલ કે શેરબાનુ ઉસ્માનની બાળપણની મિત્ર છે તેની સાથે ઉસ્માન હરેફરે,મસ્તી કરે તો અરજદારે વાંધો લ ેવાનો નહી અરજદારે રસોડાનુ અને ઘરનુ કામ કરીને શાંતીથી રહેવુ હોય તો રહે નહીતર

બે પુત્રીઓને લઈને ચાલી જા તુમેરને તેઓ મોટો કરશે અને સાચવીશુ જેથી અરજદાર જેઠને કહેતા તેમણે પણ ઉધ્ધતાઈથી જવાબ આપીને કહેલ કે એ તારો પતિ છે તારે જોવાનું તારે જે કરવુ હોય તે કરમારે તમારામાં પડવું નથી જેથી આખરે અરજદારની માતાએ આવીને સામાવાળાઓને સમજાવવાની કોશીશ કરતા અરજદાર ના પતિએ અરજદારની માતાને જેમ ફાવે તેમ ગાળો બોલીને માર મારીને કહેલ કે તુ મને અને પરીવારને શાંતીથી જીવવા નથી દેતી એટલે હુ બહારથી માણસોને બોલાવી લાવી તને મારી નાખીશ એમ કહી અરજદાર ને બાળકો સાથે,માતાને પણ પહેરેલ કપડે કાઢી મુકેલ ત્યારથી અરજદાર પોતાના સગીર બાળકો સાથે પિયરમાં રહી ઓશીયાળુ જીવન જીવે છે તારીખ ૦૮/૧૦/૨૦૧૪ ના રોજ અરજદારના પતિએ દારુ પીને અરજદાર ના પિયરમાં આવી અરજદાર પાસેથી પુત્ર નુમેરને જબરરજસ્તીથી ઉપાડી લઈ જવાની કોશીશ કરતાં અને પતિએ શેરબાનુ સાથે લગ્ન કરવા સારુ અરજદાર ને તલ્લાક આપી દેવા જબરજસ્તી કરતા પોલીસ કંન્ટ્રોલ રુમમાં ફોન કરતા પોલીસ આવી ગયેલ અને પતિને સી આર પી સી ની કલમ ૧૦૭,૧૧૬(૩) હેઠળ ગુનો નોધી અટક કરેલ જેમ એકઝીકયુટીવ કોર્ટ નં ૨ માં ચેપ્ટર કેસ નં ૧૧૧૦૮/૧૪ પડેલ જે હાલ પેન્ડીગ છે.અરજદાર ના પતિએ અરજદારનો તમામ સામાના ભંગારની જેમ ઘરની બહાર કાઢીને મુકી દીધેલ જેને પરત માંગતા પતિએ પુત્ર પરત કરી દે તો તારો સામાન પરત કરીશુ તેવી ધમકીઓ આપી માનસીક ત્રાસ આપેલ અને એવી ધમકીઓ આપેલ કે પોલીસ અમારુ કશુ જ બગાડી નહી શકે.હુ નુમરનો પિતા છુ આજે નહી તો કાલે અમે નુમેરને તારી પાસેથી છીનવી જ લઈશુ.આમ સાસરીવાળા ના ત્રાસ અને ધમકીઓથી અરજદાર સતત ભય અને ગભરાટમાં જીવી રહેલ છે અને અરજદારને અસુરક્ષીત હોવાનો અહેસાસ રહયા કરે છે.

(૩)હાલ અરજદાર પોતાના ત્રણ બાળકો સાથે પીયરમાં નિઃસહાય હાલતમાં ઓશીયાળુ જીવન જીવે છે અરજદાર પાસે આવકનુ કોઈ સાધન નથી અરજદાર કોઈ હુન્નર ઉધોગ જાણતી નથી અરજદારના પતિએ અરજદાર અને અરજદારના ત્રણ બાળકોના ભરણપોષણની અને રહેઠાણ માટે કોઈ વ્યવસ્થા કરેલ નથી.અરજદારના પતિ ત્રણ દરવાજા સાયકલની દુકાનમા સાયકલ ફીટીંગ કરવાનુ કામ કરે છે તેમજ કોન્ટ્રાકટ ઉપર ફલેટો બંગલા અને દુકાનોમાં કલર કામ કરીને માસીક રૂ.૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦/ જેટલુ કમાય છે અરજદારના જેઠ પોતાની માલીકીની રિક્ષા ચલાવી

અને દીયર પણ નોકરી કરીને પોતાની સ્વતંત્ર આવક મેળવે છે પતિ ઉપર અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી જેથી કલમ ૧૮ હેઠળ સામાવાળાઓ ફરીયાદીના સ્ત્રીધનનુ હસ્તાંતર કરે કરાવે નહી તેવો આદેશ,ઘરેલુ હીસાં ની મનાઈ કરતો આદેશ,અરજદારની હાજરી કે,ગેરહાજરીમાં અરજદારના બાળકોને કોઈપણ પ્રકારનુ નુકશાન ના પહોચાડે તેવો હુકમ,કલમ ૧૯ અન્વયે અલગ મકાનની વ્યવસ્થા કરી આપે અથવા મકાન ભાડા પેટે માસીક રુ.૩,૦૦૦ ચુકવી આપવા,તમામ સ્ત્રીધન ની વસ્તુઓ પરત આપે,કલમ ૨૦ હેઠળ અરજદાર અને ત્રણેય બાળકોના ભરણપોષણ અર્થે માસીક રુ.૨૦,૦૦૦/,કલમ ૨૨ હેઠળ રુ.૫૦,૦૦૦/ નુકસાન વળતર મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૪)અરજદારની અરજી અન્વયે સામાવાળાઓને નોટીસ બજી જતાં સામાવાળાઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થયેલ પરંતુ કોઈ જવાબ તેમજ પુરાવાઓ રજુ કરેલ નથી જેથી તમામ હકક બંધ કરવામાં આવેલ છે.

(૫)અરજદાર પક્ષે નીચે મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>અરજદાર તરફે રજુ થયેલ મૌખીક પુરાવા</u>**

(૧) આંક–૧૦:અરજદારનું પુરાવા સોગંધનામું.

(૨) આંક–૪, (૪)૧ થી ૪(૬),આંક ૧૧,૧૧(૧) થી ૧૧(૫):સામાવાળા નં ૧ સાથેની લગ્ન કકોત્રીની ઝેરાક્ષ નકલ,નિકાહ સટીફીકેટ,સગીર સંતાન અસ્માબાનુ,ઉમ્મેહા,નુમેરના જન્મના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ,ટેક્ષ બિલ,અરજદારના ભાઈ સદામમિયાં એહમદમિયાં શેખ નુ માનસીક અસ્થિર હોવાનુ સર્ટીફિકેટ,સ્ત્રીધનનુ લીસ્ટ ની ઝેરોક્ષ નકલ,સામાવાળા વિરુધ્ધ થયેલ ચેપ્ટર કેસ નં ૧૧૦૬/૧૪,૧૪૧૭૮/૧૫,૧૪૧૭૭/૧૫,૧૪૧૮૬/૧૫,૧૪૧૮૮/૧૫ની નકલ,અરજદારે વટવા પો.સ્ટેશન ઈ પી કો કલમ ૪૯૮(ક),૨૯૪(ખ) વિ ગુન્હા કામે તારીખ ૦૧/૦૭/૨૦૧૫ ની ફરીયાદ,

(૩) આંક ૧૪: કલોઝીગ પુરશીસ

**સામાવાળા તરફે :–**

(૬)સામાવાળાઓ ધ્વારા કોઈપણ પ્રકારનો પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

(૭)અરજદારના વિ.વકીલ શ્રીની મૌખીક દલીલ સાંભળી.અરજી વંચાણે લીધી.રજુ થયેલ મોખીક તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા.સામાવાળાઓ પક્ષે દલીલ કરવામાં આવેલ નથી.

(૮)ઉપરોકત હકીકત ધ્યાને લેતાં, મારી સમક્ષ આ કેસનાં નિર્ણય સારૂં નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>-: મુ દ્દા :-</u>**

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ ડી.વી.ઍકટની કલમ-૩ હેઠળ સામાવાળાઓ દ્વારા ઘરેલુ હિંસાનો ભોગ બનેલાં છે?

૨. શું અરજદાર *ડોમેસ્ટિક વાયોલેન્સ એકટની કલમ-૧૮ હેઠળ રક્ષણનો હુકમ તથા કલમ-૧૯ હેઠળ રહેવાનો હુકમ તથા કલમ-૨૦ હેઠળ ભરણ-પોષણનો હુકમ તથા કલમ ૨૧ હેઠળ બાળકોની કસ્ટડી હુકમ તેમજ કલમ-૨૨ હેઠળ વળતરનો હુકમ મેળવવા માટે હકકદાર છે ?*

૩. *શું હુકમ ?*

(૯)ઉપરોકત મુદ્દા અંગેનાં મારાં નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

**<u>-: નિ ર્ણ યો :-</u>**

૧. હકારમાં.

૨. અંશતઃ હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં. ૧ અને ૨ પરત્વે કારણો</u>**

(૧૦) મુદ્દા નં. ૧ અને ૨ એકબીજા સંલગ્ન હોઈ, હકીકતોનું પુનરાવર્તન ટાળવા અત્રે સંયુકત

ચર્ચા કરવામાં આવેલી છે.

(૧૧) અરજદારે ડીવી એકટ કલમ,૨૦૦૫ કલમ ૧૨ હેઠળ પ્રોટેકશન ઓફીસર મારફતે પોતાની ઘરેલુ હિંસાની અરજી રજુ કરેલ છે અને તેમા આ કામના સામાવાળા ધ્વારા અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરવામાં આવેલ હોવાનો આક્ષેપ કરેલ છે. અરજદારે આંક–૧૦ થી પુરાવા સોગંધનામું રજુ કરેલ છે.જેમા પોતાની આંક–૧ ની અરજીની હકીકતોને સમર્થન આપેલ છે.જે હકીકતો ને સામાવાળા ધ્વારા પડકારવામાં આવેલ નથી.સામાવાળા એ સોગંદ પર જુબાની આપેલ નથી કે કોઈ સાક્ષી તપાસેલ નથી ત્યારે અરજદારની અરજી તથા સોગંદ પરની જુબાની,ધ્યાને લેતાં સામાવાળાઓ ધ્વારા અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરવામાં આવેલ હોવાની હકીકત સાબીત થાય છે. જેથી મુદા નં.૧ નો જવાબ હકારમાં આપુ છુ.

(૧૨)મુદા નં ૧ માં અદાલતે અરજદાર વિરુધ્ધ સામાવાળા એ ઘરેલું હીસા થયેલ હોવાનું માનેલ છે ત્યારે અરજદાર ડી વી એકટ,૨૦૦૫ અન્વયે માંગવામાં આવેલ રાહત બાબતે ચર્ચા કરવામાં આવે તો,

(૧) ડી વી એકટ **કલમ ૧૮ હેઠળ રક્ષણનો હુકમ :** અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરવામાં આવેલ હોવાનું પુરવાર થતું હોય,કલમ ૧૮ હેઠળ દાદ આપવી ન્યાયોચિત જણાય છે.સ્ત્રીધન સામાવાળાઓને મળેલ હોય તેમજ તેમાં જણાવેલ વસ્તુઓનુ બીલ રજુ કરવામાં આવેલ નથી તેમજ તેના સમર્થનમાં કોઈ સાક્ષી તપાસવામાં આવેલ નથી જેથી સ્ત્રીધન હસ્તાંતર ની દાદ મંજુર કરી શકાય તેમ નથી.પક્ષકારો વચ્ચે ચેપ્ટર કેસ થયેલ છે તેમજ અરજદાર ધ્વારા ઈ પી કો કલમ ૪૯ ૮(ક) ની ફરીયાદ પણ નોધવામાં આવેલ છે અને ચાર્જશીટ પણ થયેલ છે જેથી કલમ ૧૮ અન્વયે વિગતવારનો હુકમ અન્ય દાદ સાથે પસાર કરવામાં આવેલ છે.

(૨) ડી વી એકટ **કલમ ૧૯ હેઠળ રહેઠાણનો હુકમ :** આ કામે અરજદારની અરજી તથા સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામના અરજદાર પોતાના માવતર સાથે રહે છે. અરજદાર પોતાની અરજી માં સામાવાળા ના ત્રાસના કારણે પોતાના

પિયરમાં રહેતા હોવાનું જાહેર કરેલ છે.જે વિસ્તારમાં મકાનના ભાડા અંગેનો કોઈ પુરાવો અરજદાર પક્ષે રજુ થયેલ નથી. સામવાળા જયાં રહે છે તે સહીયારી ઘરવખરીનું ઘર હોય અને તેમાં પોતાની વ્યવસ્થા થઈ શકે તેવી જોગવાઈ છે તે અંગે પણ અરજદાર કોઈ પુરાવો રજુ કરી શકેલ નથી.જેથી અરજદારની ક.૧૯ હેઠળની દાદ મંજુર થવા પાત્ર જણાતી નથી.

(૩)ડી વી એકટ **કલમ ૨૦ હેઠળ નાંણાકીય સહાયનો હુકમ** : આ કામે અરજદારે પોતાના તથા સગીર સંતાનો ના ખોરાક,કપડા,ઔષધો અને બીજી સામાન્ય જરૂરીયાતો મળી માસીક રૂ.૨૫,૦૦૦/– ચુકવી પ્રતિ માસ આપવા અરજ કરેલ છે. કલમ ૨૦ હેઠળ હુકમ કરવા માટે સામાવાળા નં.૧ ની આવક ધ્યાને લેવાની રહે છે. અરજદારે પોતાની અરજીમાં તથા આંક ૧૦ ના પુરાવા સોગંધનામા માં સામાવાળા નં ૧ પતિની માસીક આવક ત્રણ દરવાજા સાયકલની દુકાનમાં સાયકલ ફીટીંગ કરીને તેમજ કોન્ટ્રાકટ ઉપર ફલેટો,બંગલા અને દુકાનો ના કલર કામ કરીને માસીક રુ.૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦/ ની આવક કમાતા હોવાનુ જણાવેલ છે. એ હકીકત નિર્વિવાદ છે કે સામાવાળાએ અરજદારની ઉલટ તપાસ કરેલ નથી કે આવી હકીકતને કોર્ટ સમક્ષ હાજર થઈ ચેલેન્જ કરેલ નથી. પરંતુ સાથો–સાથ અરજદાર તરફે પણ સામાવાળાની ચોકકસ પોતે જણાવે તેટલી જ આવક છે કે કેમ તે અંગેનો કોઈ નકકર આધાર–પુરાવો રજુ કરેલ નથી. ત્યારે અરજદાર વધુ નાંણાકીય સહાય મેળવવા માટે સામાવાળાની વધુ આવક દર્શાવે તેવી શકયાતાને નકારી શકાય નહી. અત્રે કોર્ટની એ ફરજ બની રહે છે કે જયારે સામાવાળા ની આવક અંગે કોઈ નકકર પુરાવો ન હોય ત્યારે સામાવાળાની સમતોલ આવક અંગે અનુમાન કરવુ જોઈએ. તેવા સંજોગેમાં સામાવાળા નં ૧ અરજદાર ના પતિ થતા હોય,સામાવાળા નં ૧ માસીક રૂ ૮,૦૦૦ થી માસીક રુ.૧૦૦૦૦ કમાતા હોવાનું અનુમાન કરવામાં આવે તો આવું અનુમાન અતિશયોકિત ભરેલું ગણી શકાશે નહી. સામવાળા નં ૧ સાથેના લગ્ન જીવન દરમ્યાન અરજીમાં જણાવેલ બનાવ થતાં સુધી અરજદાર કમાતા હોવાની હકીકત

તેમજ બનાવ ના કારણે થયેલ તબીબી ખર્ચ તથા અરજદારની તાબા હેઠળની કોઈ મિલ્કત સંબંધી કોઈ બનાવ બનેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.સામાવાળા નં ૧ સાથે લગ્ન જીવન થી સંતાન નામે અસ્મા(ઉ વ ૫),ઉમેદાની(ઉ વ ૩),નુમેર(ઉ વ ૧ ) નો પણ જન્મ થયેલ છે. ત્યારે ડી વી એક્ટ કલમ ૨૦(૧)(ડી),કલમ ૨૦(૨),કલમ ૨૦(૩) ની જોગવાઈ જોતાં અરજદાર પોતાના ભરણપોષણ માટે અરજી તારીખ થી માસીક રૂ.૨,૫૦૦/- અરજી તારીખથી મેળવવા હકકદાર હોવાનું માનું છું.વધુમાં,અરજદાર ના સંતાનો માઈનોર છે અને હાલ અરજદાર પાસે રહેલ છે.ત્યારે મોઘવારીના સંજોગો,પ્રાઈમરી આરોગ્ય ખર્ચ,અભ્યાસ વિ પરીબળો ધ્યાને લેતાં દરેક સંતાનને રૂ.૧,૫૦૦/ મંજુર કરવા ન્યાયોચીત જણાય છે.

**<u>(૪)ડી વી એકટ કલમ ૨૧ હેઠળ કસ્ટડી હુકમ:</u>**અરજદારે સદર કલમ અન્વયે બાળકોની કસ્ટડી માંગેલ છે.પ્રોટેકશન ઓફીસરશ્રીના રીપોર્ટ મુજબ બાળકો અરજદાર પાસે હોવાનુ સ્પષ્ટ થાય છે ડી વી એકટ કલમ ૨૧ વંચાણે લેતાં અદાલતને બાળકોની ટેમ્પરરી કસ્ટડી નીર્ણીત કરવાની સતા આપવામાં આવેલ છે જેથી બાળકોની આખરી કસ્ટડી વેલ્ફેરનો પ્રશ્ન રહેલ સક્ષમ અદાલત યોગ્ય રીતે નીર્ણીત કરી શકાય તેમ છે જેથી કલમ ૨૧ હેઠળ ની દાદ મંજુર કરવા પાત્ર નથી.

**<u>(૫)ડી વી એકટ કલમ ૨૨ હેઠળ વળતરનો હુકમ :</u>** આ કલમ હેઠળ અન્ય સામાવાળા એ આચરેલ ઘરેલુ હિંસાના કારણે અરજદારને માનસીક ત્રાસ કે ભાવનાત્મક સંતાપ સહિત થયેલી ઈજાઓ માટે વળતર તથા નુકશાની ચુકવવાનો આદેશ થઈ શકે છે. અરજદારે પોતાની અરજીમાં સામાવાળા પાસેથી આ કલમ હેઠળ વળતર પેટે રૂ.૫,૦૦૦૦૦/(અંકે રુપિયા પાંચ લાખ) ની માંગણી કરેલ છે. અરજદારની અરજી તથા પુરાવો ધ્યાને લેતા અરજદાર સાથે સામાવાળા ધ્વારા ઘરેલુ હિંસા આચરેલ હોવાનુ જણાય છે.અરજદાર સાથે આ કામના સામાવાળાએ ધ્વારા ઘરેલુ હિંસા આચરવામાં આવેલ હોવાનુ અત્રેની કોર્ટે માનેલ છે

ત્યારે તથા માનસીક પરીતાપ તથા ભાવનાત્મક સંતાપ વિગેરેની પરિસ્થિતી ધ્યાને લેતા અરજદારને આ કલમ હેઠળ રૂ.૫,૦૦૦/– વળતર અપાવવાનુ ન્યાયોચીત જણાય છે.

૧૩. આમ, અરજદારની અરજી તથા રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતા મુદા નં.૧ નો જવાબ હકારમાં તથા મુદા નં.૨ નો જવાબ અશંતઃ હકારમાં આપી મુદા નં.૩ માટે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–: હુ ક મ :–**

૧. અરજદારે ઘરેલુ હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો, ૨૦૦૫ ની કલમ–૧૨ મુજબ કરેલ હાલની અરજી અંશત : મંજુર કરવામાં આવે છે.

૨. સામાવાળાઓ સામે આ કાયદાની કલમ–૧૮ અન્વયે નીચે મુજબ ના પ્રતીબંધ ફરમાવવામાં આવે છે.

એ. અરજદાર સાથે કે તેના સંતાનો સાથે ઘરેલું હિંસાખોરીનું કોઈ પણ કૃત્ય કરવું નહી.

બી. અરજદાર સાથે કે તેના સંતાનો સાથે ઘરેલું હિંસાખોરીનું કૃત્ય કરવામાં કોઈને કે એકબીજાને મદદ કરવી નહી કે દુષ્પ્રેરણ કરવું નહી.

સી. અરજદારને કે તેના સંતાનો સાથે દબાણ કરવાના સ્વરૂપે કે ધમકાવવાના સ્વરૂપમાં વાતચીત કરવાનો પ્રયાસ કરવો નહી. જેમાં વ્યકિતગત, મૌખીક, અથવા લેખીત અથવા ઈલકેટ્રોનીક અથવા ટેલીફોનીક સંપર્કનો સમાવેશ થાય છે.

ડી. અરજદારને કે તેના સંતાનો સાથ ઘરેલું હિંસાખોરીમાંથી બહાર લાવવા જે કોઈ મદદ કરનાર વ્યકિત અથવા અન્ય સગાઓ અથવા આશ્રિતોને હિંસા પહોંચાડવી નહી.

૩. કલમ–૨૦ મુજબ આ કામના સામાવાળા નં.૧ના એ અરજીની તારીખથી અરજદાર ને માસીક રૂ.૨,૫૦૦/– (અંકે રૂપીયા બે હજાર પાંચસો પુરા) તથા દરેક સંતાન નામે અસ્મા,ઉમેદાની,નુમેર ના માસીક ભરણપોષણ પેટે રુ.૧,૫૦૦/ દરેક

ને મળી કુલ રૂ.૭,૦૦૦/(અંકે રુપિયા સાત હજાર પુરા)ચુકવવી આપવા તેવો આથી હુકમ કરવામાં આવે છે.

૪. સદરહુ હુકમની નકલ ડી વી એકટ કલમ–૨૦(૪) અન્વયે અરજીના પક્ષકારોને તથા પ્રતિવાદીઓ જે સ્થાનીક હકુમત હેઠણ રહેતા હોય તેવા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને મોકલી આપવી.

૫. ડી વી એકટ,કલમ–૨૨ મુજબ આ કામના સામાવાળાઓ એ અરજદારને થયેલ માનસીક ત્રાસ તથા ભાવનાત્મક સંતાપના વળતર પેટે રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચે હજાર પૂરા) ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૬. વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે અરજદારે પોતાના કે પોતાના સંતાનો ના ભરણ–પોષણ માટે અથવા રહેઠાણની વ્યવસ્થા અંગે અથવા બાળકોની કસ્ટડી અંગે આ અદાલત સિવાય અન્ય કોઈ અદાલત સમક્ષ દાદ માંગેલ હશે તો અન્ય અદાલતે કરેલ આવા હુકમની રકમ આ અરજીના કામે સામાવાળા ને મજરે મળવાપાત્ર થશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

(signature)

તા. ૦૫/૦૪/૨૦૧૮.
**અમદાવાદ.**

**( અર્ચિતકુમાર નિલમભાઈ વોરા )**
**એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ,**
**કોર્ટ નં. ૧૯, અમદાવાદ.**
UNIQUE CODE GJ00849

Seen.
Shaiz
advocate for applicant.
5/4/18